# Visit of External Affairs Minister to Russia (July 7-9, 2021)

July 06, 2021

# વિદેશમંત્રીની રશિયા મુલાકાત (જુલાઈ 7-9, 2021)

જુલાઈ 06, 2021

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર જુલાઈ 7-9, 2021 દરમિયાન રશિયન ફેડરેશનની સત્તાવાર મુલાકાતે જશે.

2. આ મુલાકાત દરમિયાન વિદેશમંત્રી રશિયાના વિદેશમંત્રી મહામહિમ સર્ગેઈ લાવરોવને મળશે. તેમની મંત્રણામાં તમામ દ્વિવપક્ષીય મુદ્દાને આવરી લેવાય તેવી શક્યતા છે. જેમાં કોવિડ-19 રોગચાળા સામેની લડાઈ તથા વિવિધ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દે વિચારોના આદાનપ્રદાનનો સમાવેશ થાય છે.

3. વિદેશ મંત્રી રશિયન ફેડરેશનના ડેપ્યુટી વડાપ્રધાન મહામહિમ યુરી બોરિસોવને પણ મળશે, જેઓ ભારત-રશિયા ઈન્ટર-ગવર્નમેન્ટલ કમિશન ઓન ટ્રેડ, ઈકોનોમિક, સાયન્ટિફિક ટેક્નોલોજિકલ અને કલ્ચરલ કોઓપરેશન (આઈઆરઆઈજીસી- ટીઈસી) માટે તેમના સમકક્ષ છે. તેઓ આંતરરાષ્ટ્રીય બાબતો પરના સ્ટેટ ડુમા કમિશનના ચેરમેન મહામહિમ લિયોનિડ સ્ટુટ્સ્કી સાથે મુલાકાત કરશે.

4. ડૉ. એસ. જયશંકર મોસ્કો સ્થિત પ્રતિષ્ઠિત પ્રિમાકોવ ઈન્સ્ટિટ્યૂટ ઓફ્ વર્લ્ડ ઈકોનોમી એન્ડ ઈન્ટરનેશનલ રિલેશન્સ ખાતે "બદલાતા વિશ્વમાં ભારત-રશિયાના જોડાણ" અંગે વક્તવ્ય આપશે.

5. આ મુલાકાત બંને દેશો વચ્ચે સમયાંતરે યોજવામાં આવતી ઉચ્ચ સ્તરીય મુલાકાતોના અનુસંધાને યોજાશે. રશિયાના વિદેશમંત્રીએ એપ્રિલ 2021માં નવી દિલ્હીની મુલાકાત લીધી હતી. આ મુલાકાતથી બંને દેશો વચ્ચે 'વિશેષ અને વિશેષાધિકાર આધારિત વ્યૂહાત્મક ભાગીદારી' વધારે મજબૂત બનશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 6, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.